સેશન્સ કેસ નં.૪૪/૨૦૨૪
આંક:

**ફોર્મ–એ**

**વિરમગામના મહે. છઠ્ઠાં એડિ. ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ (એચ. એ. ઉપાધ્યાય) સાહેબશ્રીની કોર્ટમાં, તા.વિરમગામ, જિ.અમદાવાદ.**

**ચુકાદાની તા.૧૫/૦૪/૨૦૨૬**

સેશન્સ કેસ નં. ૪૪/૨૦૨૪

(F.I.R.ની વિગત/ગુનો અને પોલીસ સ્ટેશન)
દેત્રોજ પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં.: ૧૧૧૯૨૦૧૭૨૪૦૨૨૨/૨૦૨૪

ગુનો: ઈ.પી.કો.ની કલમ– ૩૦૨, ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબ

પોલીસ સ્ટેશન: દેત્રોજ, જિ.અમદાવાદ.

| | |
|---|---|
| ફરિયાદી | શ્રીસરકાર |
| વિ.મ.સ.વ. મારફતે | વિદ્વાન એ.પી. પી.શ્રી એચ. આર. સોલંકી |
| આરોપીઓ | (૧) રાજેશભાઈ બચુભાઈ પટેલ,<br>(૨) કમલેશભાઈ સ/ઓ રાજેશભાઈ બચુભાઈ પટેલ,<br>(૩) વિનેકભાઈ સ/ઓ રાજેશભાઈ બચુભાઈ પટેલ,<br>તમામ રહે.: કાંઝ ગામ, ભોજાણીવાસ, તા.દેત્રોજ, જી.અમદાવાદ. |
| આરોપીઓ તરફે | વિ. વકીલશ્રી એમ.એસ.રાવલ |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૨૬/૦૬/૨૦૨૪ |
| ફરિયાદની તારીખ | ૨૭/૦૬/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૧૪/૧૧/૨૦૨૪ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૧૧/૧૨/૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૦૪/૦૨/૨૦૨૫ |
| ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૫/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | – |

**સેશન્સ કેસ નં.૪૪/૨૦૨૪**

## આરોપીઓની વિગત:–

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જમીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યો કે કસૂરવાર | શું સજા કરી | CRPCની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કેદી તરીકે રહેલાં છે |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાજેશભાઈ બચુભાઈ પટેલ | ૨૮/૦૬/૨૪ | યુ.ટી.પી. | ઈ.પી.કો.ની કલમ– ૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ | શંકાનો લાભ | આખરી હુકમ મુજબ | – |
| ૨. | કમલેશભાઈ સ/ઓ રાજેશભાઈ બચુભાઈ પટેલ | ૨૮/૦૬/૨૪ | ૨૧/૧૦/૨૪ | ઈ.પી.કો.ની કલમ– ૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ | શંકાનો લાભ | આખરી હુકમ મુજબ | ૦૩ મહીના ૨૩ દિવસ |
| ૩. | વિનેકભાઈ સ/ઓ રાજેશભાઈ બચુભાઈ પટેલ | ૨૮/૦૬/૨૪ | ૦૯/૧૦/૨૪ | ઈ.પી.કો.ની કલમ– ૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ | શંકાનો લાભ | આખરી હુકમ મુજબ | ૦૩ મહીના ૧૧ દિવસ |

## ફોર્મ–સી

## ફરિયાદ પક્ષના સાહેદોનું લિસ્ટ:

| અનુ. નં. | આંક | નામ | પુરાવોનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૧૫ | મેહુલકુમાર બાબુભાઈ પટેલનો સોગંદ ઉપરનો પુરાવો. | પંચ સાહેદ |
| ૨. | ૧૭ | મયુર શૈલેષભાઈ પટેલનો સોગંદ ઉપરનો પુરાવો. | પંચ સાહેદ |
| ૩. | ૨૪ | વિશાલભાઈ પિન્ટુભાઈ પટેલનો સોગંદ ઉપરનો પુરાવો. | પંચ સાહેદ |
| ૪. | ૩૪ | રવાજી વરવાજી ઠાકોરનો સોગંદ ઉપરનો પુરાવો. | પંચ સાહેદ |
| ૫. | ૩૬ | રરાજુભાઈ જીવણભાઈ રાઠોડનો સોગંદ ઉપરનો પુરાવો. | પંચ સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૬. | ૩૭ | ધર્મેન્દ્રભાઈ પરષોત્તમભાઈ પટેલનો સોગંદ ઉપરનો પુરાવો. | સાહેદ |
| ૭. | ૩૯ | બેચરભાઈ શંકરભાઈ પંચાલનો સોગંદ ઉપરનો પુરાવો. | સાહેદ |
| ૮. | ૪૨ | ભારતીબેન ધર્મેન્દ્રભાઈ પટેલનો સોગંદ ઉપરનો પુરાવો. | ફરીયાદી |
| ૯. | ૪૪ | ઉષાબેન રાકેશકુમાર પટેલનો સોગંદ ઉપરનો પુરાવો. | સાહેદ |
| ૧૦. | ૪૬ | અલ્પેશ ઝવેરચંદ શાહનો સોગંદ ઉપરનો પુરાવો. | તબીબ સાહેદ |
| ૧૧. | ૫૦ | રમેશભાઈ સોમાભાઈ રબારીનો સોગંદ ઉપરનો પુરાવો. | ત.ક.અ. સાહેદ |

**<u>ફરિયાદ પક્ષના આંકે પડેલ દસ્તાવેજો:</u>**

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૬ | ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૨. | ૧૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૩. | ૨૫ થી ૩૦ | પંચસ્લીપો |
| ૪. | ૩૧ | આરોપીઓના કપડા કબ્જે કર્યા અંગેનું પંચનામુ |
| ૫. | ૩૫ | મુદ્દામાલ રીકવરી પંચનામુ |
| ૬. | ૪૩ | ફરીયાદ |
| ૭. | ૪૭ | પી.એમ.નોટ |
| ૮. | ૫૧ | એફ.આઈ.આર. |
| ૯. | ૫૨ થી ૫૪ | ટેલીફોન વર્ધીઓ |
| ૧૦. | ૫૫ | એફ.એસ.એલ.સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૧૧. | ૫૬ | મુદ્દામાલ રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર |
| ૧૨. | ૫૭ | એફ.એસ.એલ.માં મળેલ મુદ્દામાલ પહોંચ |
| ૧૩. | ૫૮ | બી.એન.એસ.૧૮૩મુજબનું નિવેદન |
| ૧૪. | ૫૯ | ગુનાવાળી જગ્યાનો નકશો |
| ૧૫. | ૬૦ | એફ.એસ.એલ.ફોરવર્ડીંગ લેટર |
| ૧૬. | ૬૧ | એફ.એસ.એલ.બાયોલોજી તથા શીરોલોજી અહેવાલ |
| ૧૭. | ૬૨ | ઈજા પામનારનું સારવાર સર્ટી લેવા કરેલ ચાદી |
| ૧૮. | ૬૫ | સી.આર.પી.સી.૧૬૪નું નિવેદન |

## **– : : મુદ્દામાલ : : –**

| અનુ.નં. | મુદ્દામાલ | વર્ણન |
|---|---|---|
| **મુદ્દામાલ પાવતી નં.૧/૨૦૨૪, તા.૨૭/૦૬/૨૦૨૪** | | |
| (૧) | (૧) | એક પતરાના ડબ્બામાં આશરે ૫૦ ગ્રામ જેટલી બનાવવાળી જગ્યાએથી લોહીવાળુ છાણ તથા માટી કબજે કરેલ છે. જે એક પતરાના ડબ્બામાં સીલબંધ છે. જેને માર્ક એ–૧ આપેલ છે તે. |
| | (૨) | એક પતરાના ડબ્બામાં આશરે ૫૦ ગ્રામ જેટલી બનાવવાળી જગ્યાએથી લોહીવાળુ છાણ તથા માટી કબજે કરેલ છે. જે એક પતરાના ડબ્બામાં સીલબંધ છે. જેને માર્ક એ–૨ આપેલ છે તે. |
| | (૩) | એક પતરાના ડબ્બામાં આશરે ૫૦ ગ્રામ જેટલી બનાવવાળી જગ્યામાંથી કંટ્રોલ સેમ્પલ તરીકે છાણ તથા માટી કબજે કરેલ છે. જે એક પતરાના ડબ્બામાં સીલબંધ છે. જેને માર્ક બી આપેલ છે તે. |
| | (૪) | એક પ્લાસ્ટીકનાં ડબ્બામાં એફ.એસ.એલ. અધિકારી દ્વારા બનાવવાળી જગ્યા પર પડેલા લોહીના ડાઘા પર એક કોટનનો ટુકડો ઘસી સેમ્પલ અર્થે કબજે લીધેલ છે. જે એક પ્લાસ્ટીકના ડબ્બામાં સીલબંધ છે તે માર્ક સી–૧. |
| | (૫) | એક પ્લાસ્ટીકનાં ડબ્બામાં એફ.એસ.એલ. અધિકારી દ્વારા બનાવવાળી જગ્યા પર પડેલા લોહીના ડાઘા પર એક કોટનનો ટુકડો ઘસી સેમ્પલ અર્થે કબજે લીધેલ છે. જે એક પ્લાસ્ટીકના ડબ્બામાં સીલબંધ છે તે માર્ક સી–૨. |
| | (૬) | એક પ્લાસ્ટીકનાં ડબ્બામાં એફ.એસ.એલ. અધિકારી દ્વારા બનાવવાળી જગ્યા પર પડેલા લોહીના ડાઘા પર એક કોટનનો ટુકડો ઘસી સેમ્પલ અર્થે કબજે લીધેલ છે. જે એક પ્લાસ્ટીકના ડબ્બામાં સીલબંધ છે તે માર્ક ડી. |

| | | |
|---|---|---|
| **મુદ્દામાલ પાવતી નં.૨/૨૦૨૪, તા.૨૮/૦૬/૨૦૨૪** | | |
| ૨. | (૧) | એક કપડાની બેગીમાં એક આછા કલરનો આખી બાયનો શર્ટ છે જે શર્ટ જુનો મેલા જેવો છે જે શર્ટ ઉપર જોતાં છુટા છવાયા લોહી જેવા લાલ રંગના નિશાનો છે જે શર્ટની કિંમત રૂ૦૦ ગણી તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે જે સીલબંધ છે જેને માર્ક ઈ–૧ આપેલ છે. |
| | (૨) | એક કપડાની બેગીમાં એક આછા જાંબલી કલરનું સાદુ પેન્ટ છે. જે પેન્ટ જુનુ મેલા જેવુ છે. જે પેન્ટ ઉપર જોતાં કોઈ દેખીતા |

**મુદ્દામાલ પાવતી નં.૨/૨૦૨૪, તા.૨૮/૦૬/૨૦૨૪**

| | | |
|---|---|---|
| | | નિશાનો જણાતા નથી. જેની કિંમત ૦૦/૦૦ ની ગણી તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે. જે સીલબંધ છે. જેને માર્ક ઈ–૨ આપેલ છે. |
| | (૩) | એક કપડાની બેગીમાં એક પીળા કલરનો આખી બાયનો શર્ટ જેના કોલરના ભાગે અંગ્રેજીમાં MRK લખેલ છે. જે શર્ટ જુનો મેલા જેવો છે. જે શર્ટ ઉપર જોતાં કોઈ નોંધપાત્ર નિશાનો જણાતા નથી. જેની કિંમત રૂ.૦૦/૦૦ ગણી તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે. જે સીલબંધ છે. જેને માર્ક એફ–૧ આપેલ છે. |
| | (૪) | એક કપડાની બેગીમાં એક ઘાટા વાદળી કલરનું પેન્ટ છે. જે પેન્ટના પાછળના ભાગે જમણી બાજુ ખીસ્સુ આવેલુ છે. જે પેન્ટ જુનુ મેલા જેવુ છે. જેના ઉપર જોતાં કોઈ દેખીતા નિશાનો જણાતા નથી. જેની કિંમત રૂ.૦૦/૦૦ ની ગણી તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે. જે શીલબંધ છે. જેને માર્ક એફ–૨ આપેલ છે. |
| | (૫) | એક કપડાની બેગીમાં એક સફેદ કલરનો કાળા કલરના પટ્ટાવાળુ આખી બાયનો શર્ટ જેના કોલરના ભાગે અંગ્રેજીમાં GLOSISHINE લખેલ છે. જે શર્ટ જુનો મેલા જેવો છે. જે શર્ટ ઉપર જોતાં કોઈ દેખીતા નિશાનો જણાતા નથી. જેની કિંમત રૂ.૦૦/૦૦ ની ગણી તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે. જે સીલબંધ છે. જેને માર્ક જી–૧ આપેલ છે. |
| | (૬) | એક કપડાની બેગીમાં એક વાદળી રંગનું જીન્સ પેન્ટ છે. જેના પાછળના ભાગે BRIGHT લખેલ છે જે પેન્ટ જુનુ મેલા જેવુ છે પેન્ટ ઉપર જોતાં કોઈ દેખીતા નિશાનો જણાતા નથી. જેની કિંમત રૂ.૦૦/૦૦ ની ગણી તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે. જે સીલબંધ છે. જેને માર્ક જી–૨ આપેલ છે. |

**મુદ્દામાલ પાવતી નં.૩/૨૦૨૪, તા.૨૯/૦૬/૨૦૨૪**

| | | |
|---|---|---|
| ૩. | (૧) | એક કપડાની બેગીમાં એક લાકડાનો જુનો ઝાડા સરખો ધોકો છે. જેની લંબાઈ આશરે ૩ ફુટ ૨ ઈંચ જેટલી છે. જે લાકડાના ધોકા ઉપર બારીકાઈથી જોતાં છુટા છવાયા લાલ કલરના લોહી જેવા પ્રવાહીના ડાઘ પડેલ છે. જે લાકડાના ધોકાની કિંમત રૂ.૦૦/૦૦ |

| મુદ્દામાલ પાવતી નં.૩/૨૦૨૪, તા.૨૯/૦૬/૨૦૨૪ | | |
|---|---|---|
| | | ની ગણી તપાસ અર્થે કબ્જે કરેલ છે. જે સીલબંધ છે. જેને માર્ક–એચ આપેલ છે. |
| | (૨) | એક કપડાની બેગીમાં એક વાંસનો જુના જેવો પાંચ કાતરીયો તથા ચાર ગાંઠો વાળો ધોકો છે. જેની લંબાઈ આશરે ૩ ફુટ ૧ ઈંચ જેટલી છે. જે વાંસનો ધોકો એક બાજુથી સામાન્ય ફાટેલ છે. જે વાંસના ધોકા ઉપર બારીકાઈથી જોતાં કોઈ નોંધપાત્ર નિશાનો જણાતા નથી. જે લાકડાના વાંસના ધોકાની કિંમત રૂા.૦૦/૦૦ ની ગણી તપાસ અર્થે કબજે કરેલ છે. જે સીલબંધ છે. જેને માર્ક આઈ આપેલ છે. |
| | (૩) | એક કપડાની બેગીમાં એક વાંસના જુના જેવો ચાર કાતરીયો તથા ત્રણ ગાંઠો વાળો ધોકો છે. જેની લંબાઈ આશરે ૨ ફુટ ૧૧ ઈંચ જેટલી છે. જે વાંસના ધોકા ઉપર બારીકાઈથી જોતાં કોઈ નોં ધપાત્ર નિશાનો જણાતા નથી. જે લાકડાના વાંસના ધોકાની કિં મત રૂા.૦૦/૦૦ ની ગણી તપાસ અર્થે કબજે કરેલ છે. જે સીલબં ધ છે. જેને માર્ક જે આપેલ છે. |

..........................................................................

**<u>– : : જજમેન્ટ : :</u>**

..........................................................................

**(૧)** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,તા.૨૬/૦૬/૨૦૨૪ ના રાત્રિના કલાક ૨૩:૩૦ થી ૨૪:૦૦ વાગ્યા દરમ્યાન મોજે કાંજ ગામ ભોજાણીવાસ ખાતે આ કામના ફરીયાદીના ભાઈ જગદીશભાઈ ઉર્ફે જીગર જયંતીભાઈ પટેલ, રહે. કાંજ ગામ ભોજાણીવાસ તા.દેત્રોજ જી.અમદાવાદ નાઓને આ કામના આરોપીઓએ અગાઉ અવર નવાર થતાં ઝઘડાનું મનદુખ રાખી આ જગદીશભાઈ ઉર્ફે જીગર જયંતીભાઈ પટેલ નાઓને લાકડી તથા ધોકાથી માથાના ભાગે તમેજ શરીરના ભાગે માર મારી ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી મૃત્યુ નિપજાવી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી

મહે.અધિક જીલ્લા મેજી.સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરી, આરોપીઓએ ઈ.પી.કો.ની કલમ– ૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. જે અન્વયેનો ગુનો દેત્રોજ પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુના રજી.નં. ૧૧૧૯૨૦૧૭૨૪૦૨૨૨/૨૦૨૪ થી રજિસ્ટર્ડ કરવામાં આવેલ. ત્યાર બાદ ગુનાના તપાસ કરનાર અમલદારશ્રીએ લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ સામે પ્રથમ દર્શનીય પુરાવો જણાય આવતો હોઈ આરોપીઓ સામે નામ. જે. એમ. એફ. સી. કોર્ટ, દેત્રોજમાં ઉપર મુજબ ગુનાનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) ત્યાર બાદ આરોપીઓને C.R.P.C.ની કલમ–૨૦૭ અન્વયે ચાર્જશીટ તથા પોલીસ તપાસના તમામ કાગળની નકલો આરોપીઓને મળી ગયેલાંની ખાતરી કરેલ તથા ચાર્જશીટ તથા પોલીસ તપાસના તમામ કાગળની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ સદરહુ કેસ ચલાવવાની સત્તા અત્રેની સેશન્સ કોર્ટને હોઈ, નામ.જે. એમ. એફ. સી. કોર્ટ , દેત્રોજ ધ્વારા ફો. કેસ નં.૫૧૦/૨૦૨૪ અન્વયે તા:૧૭/૧૦/૨૦૨૪ ના હુકમથી કમીટ કરી અત્રે મોકલી આપતા સેશન્સ કેસ નં. ૪૪/૨૦૨૪ થી રજી. થયેલ છે.

(૩) ત્યારબાદ આ કામના આરોપીઓ જામીન મુકત હોઈ આરોપીઓને સમન્સ કાઢતાં તેની બજવણી થતાં આરોપીઓ હાજર થયેલાં. જે અન્વયે **આંક–૦૭** થી આરોપીઓ વિરુદ્ધ તહોમતનામું ફરમાવવામાં આવેલ, તેમજ આરોપીઓનું **આંક–૦૮ થી આંક–૧૦** અન્વયે નિવેદન લેતાં આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરી અને પોતે કેસ આગળ ચલાવવા માંગતા હોય, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી સેશન્સ ટ્રાયેબલ તરીકે શરૂ કરીને પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) ફરિયાદ પક્ષે ફોર્મ–સી માં જણાવ્યા મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે અને ફરિયાદ પક્ષ વધુ પુરાવો આપવા માંગતા ન હોય **આંક–૬૬** અન્વયે રજૂ થયેલ કલોઝીંગ પુરસીસને આધારે ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ અને કોર્ટ સમક્ષ રજૂ થયેલ પુરાવો લક્ષ્યમાં લેતાં આરોપીઓ વિરુદ્ધ ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૩૧૩ અન્વયેનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ, જે અન્વયે આરોપીઓએ ફરિયાદ પક્ષના પુરાવાને સમગ્રપણે ઈન્કાર કરી જણાવેલ

છે કે, મરણજનારનું કુદરતી અકસ્માતથી મોત થયેલ, બનાવ સમયે ફરીયાદી હાજર ન હતા જેથી ખોટી માહીતીથી ખોટી ફરીયાદ દાખલ કરેલ છે અને પોલીસે ખોટુ ચાર્જશીટ કરેલ છે. આ કામના આરોપીઓએ સોગંદ ઉપર જુબાની આપવા કે સાક્ષી તપાસવા માંગતા નથી તેવું પણ જણાવેલ છે. ત્યાર બાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એચ. આર. સોલંકી તેમજ આરોપીઓ તરફે વિ. વકીલશ્રી ને સાંભળ્યા.

(૫) ફરિયાદ પક્ષ તરફે વિ. એ. પી. પી. શ્રી એચ. આર. સોલંકીએ તેમની દલીલમાં જણાવે છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી, પ્રાણઘાતક હથિયાર લાકડી તથા ધોકો ધારણ કરી, ફરીયાદીના ભાઈને માથાના ભાગે તથા શરીરના ભાગે માર મારી, ગંભીર જીવલેણ ઈજા કરી સ્થળ ઉપર મોત નીપજાવીને ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ છે. ફરિયાદીએ તેઓના સોગંદ ઉપરના પુરાવામાં ફરિયાદની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. પરંતુ ફરિયાદ ઉપરની સહી તેમની હોવાની ઓળખી બતાવેલ છે. ત્યારે ફરિયાદ તેઓએ આપેલાંની હકીકત માનવાને કારણ રહે છે. તપાસ કરનાર અમલદારના સોગંદ ઉપરના પુરાવાથી પણ ફરિયાદીના લખાવ્યા મુજબની ફરિયાદ લીધેલાની હકીકત પુરવાર થાય છે. જેથી પડેલ પુરાવો ધ્યાને લઈ આરોપીઓએ ગંભીર ગુનો કરેલો હોય સજા કરવા રજૂઆત કરેલી છે.

(૬) સદર કામે આરોપીઓ તરફે વિ. વકીલશ્રી એ દલીલ કરેલ છે કે, આ કામે તપાસેલ ત.ક.અ. સિવાયના કોઈપણ સાહેદ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં નથી અને બનાવમાં ફરીયાદીના ભાઈનું અવસાન થયેલ અને ફરીયાદીએ તેઓની સરતપાસમાં આ બનાવ બનવાનું કારણ તેઓએ જાણેલુ નહી અને કયા ઈસમો જોડે જગદીશભાઈને માથાકુટ થયેલી એ પણ તેઓએ જાણેલુ નહી તેમજ તેમના ભાઈને કુટુંબમાં બોલચાલનો ઝઘડો થયેલ છે તે જાણેલુ પણ આ બોલચાલનો ઝઘડો કોની સાથે થયેલ છે કે કોઈ હથિયારથી વાગેલ છે કે કેમ તેવી કોઈ હકીકત તેઓએ જાણેલી નહી. વધુમાં ફરીયાદીએ તેઓની ઉલટતપાસમાં આરોપીઓએ તેમના ભાઈને કોઈ ઈજા પહોંચાડેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જે સંજોગોમાં

આરોપીઓ વિરુદ્ધનો કેસ શંકારહિત પુરવાર થતો ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે.

**(૭)** ઉપરોક્ત હકીકતોને લક્ષમાં લેતાં મારી સમક્ષ નિર્ણય સારું નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ

## – : : મુદ્દાઓ : : –

**(૧)** શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૨૬/૦૬/૨૦૨૪ ના રાત્રિના કલાક ૨૩:૩૦ થી ૨૪:૦૦ વાગ્યા દરમ્યાન મોજે કાંજ ગામ ભોજાણીવાસ ખાતે આ કામના ફરીયાદીના ભાઈ જગદીશભાઈ ઉર્ફે જીગર જયંતીભાઈ પટેલ, રહે. કાંજ ગામ, ભોજાણીવાસ તા.દેત્રોજ જી.અમદાવાદ નાઓને આ કામના આરોપીઓએ અગાઉ અવર નવાર થતાં ઝઘડાનું મનદુખ રાખી આ જગદીશભાઈ ઉર્ફે જીગર જયંતીભાઈ પટેલ નાઓને લાકડી તથા ધોકાથી માથાના ભાગે તમેજ શરીરના ભાગે માર મારી ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી મૃત્યુ નિપજાવી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી મહે.અધિક જીલ્લા મેજી.સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરી, આરોપીઓએ ઈ.પી.કો.ની કલમ– ૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**(૨)** શું હુકમ ?

**(૮) ઉપરોક્ત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે :**

(૧) નકારમાં,
(૨) આખરી હુકમ મુજબ.

## – : : નિર્ણયના કારણો : : –

### મુદ્દા નં.૧ ની ચર્ચા :–

**(૯)** આ કામે પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો તેમજ રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતાં આરોપીઓ વિરુદ્ધ ઈ.પી.કો.ની કલમ– ૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના આક્ષેપો છે. જે ગુનાઓ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના સાહેદો તપાસવામાં આવેલાં છે.

**(૧૦) પંચ સાહેદ નં. ૧ નો પુરાવો :**

ફરિયાદ પક્ષ તરફે પંચ સાહેદ મેહુલકુમાર બાબુભાઈ પટેલને આંક–૧૫ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, રાઘે પટેલ તેમના મિત્ર થયા છે. ગુજરનાર તેઓના મામા થતાં હતા એટલે તેમની સાથે ગાડી લઈને સિવીલ હોસ્પિટલ તા.૨૭/૦૬/૨૦૨૪નાં અરસામાં જવાનું થયેલુ. પોસ્ટ મોર્ટમ રૂમ પાસે એક ડેડબોડી જોયેલી. તે પુરુષની બોડી હતી અને ગુજરનારનું નામ જીગ્નેશભાઈ હતુ. ગુજરનારના કાકા વિષ્ણુભાઈએ લાશને ઓળખી બતાવેલી. લાશના માથાના આગળના તથા પાછળના ભાગે વાગેલુ હતુ. લોહી નિકળતુ હતુ, કાનમાંથી લોહી નિકળતુ, ટાં કા લીધેલા હતા, આંખો કાળી પડી ગયેલી હતી અને ડાબા હાથની કોણીએ પણ ઈજા હતા. તેમને નિશાની ૫/૬ નું પંચનામુ બતાવવામાં આવે છે તેમાં પંચ નં.૧ તરીકે તેમની સહીઓ ઓળખી બતાવે છે અને બીજા પંચ પિયુશભાઈએ તેમની હાજરીમાં સહી કરેલ હોવાથી તેમની સહી પણ ઓળખે છે. જે પંચનામુ આ કામે આંક–૧૬ થી રજુ કરવામાં આવેલ છે.

સદર પંચ સાહેદની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ અને આ કામના ફરીયાદી ભારતીબેન બંને એક જ સોસાયટીમાં રહે છે. તેઓ એક જ જ્ઞાતીના છે અને ફરીયાદી સાથે તેમને સારા સંબંધ છે. મરનાર ફરીયાદી ભારતીબેનના ભાઈ થતાં હોવાથી તેઓ પંચમાં રહેલા. પોલીસે જે પંચનામુ લખેલુ તે પંચનામુ આજરોજ કોર્ટમાં આવી, વાંચી તે પ્રમાણે જુબાની આપેલ છે. તે દિવસ ે દેત્રોજથી પાંચ છ જણા સીવીલ હોસ્પિટલ ગયેલા. જેમાં પિયુશભાઈ, રાઘેભાઈ, ધર્મેશભાઈ અન્ય લોકોને તેઓ નામથી ઓળખતા નથી. તેઓ બે ગાડીઓમાં ગયેલા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી બેનનો બાબો તેમની સાથે હતો. પંચનામુ જે પોલીસવાળા લખતા હતા તેમનું નામ તેમને ખબર નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પી.એસ.આઈ.સાહેબ સાથે હાજર હતા. મરણજનારે આખી બાયની બંધ ગળાની ટીશર્ટ પહેરેલ હતી જેનો રંગ હાલ તેમને યાદ નથી. મરણજનારે ડાર્ક બ્લ્યુ રંગનું પેન્ટ પહેરેલ હતુ. તેઓ અમદાવાદ સવારે ૧૧:૦૦ થી ૧૧:૧

૫ વાગ્યાના અરસામાં પહોંચેલા. તેઓ અસારવા સીવીલ પહોંચ્યા ત્યાં પોલીસના સાહેબો હાજર હતા અને તેમની સાથે પી.એમ.રૂમમાં ગયેલા. પોલીસે પંચનામાનું લખાણ ૧૨:૨૦ શરૂ કરેલુ અને ૧૩:૦૦ વાગ્યે પતિ ગયેલુ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના વકીલ જોડે આજરોજ જે પંચનામુ વાંચેલુ તેમાં આ બધી હકીકતો લખેલી છે.

**<u>પંચસાહેદના પુરાવાનું વિશ્લેષણ:</u>**

સદર પંચસાહેદનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં, સદર પંચ સાહેદ ઈનકવેસ્ટ પં ચનામાનાં પંચ સાહેદ છે. તેઓએ તેમની સરતપાસમાં પોસ્ટમોર્ટમ રૂમ પાસે એક ડેડ બોડી જોયેલી અને તે પુરુષની બોડી હતી તેમજ ગુજરનારનું નામ જીગ્નેશભાઈ હોવાનું તથા તે લાશના માથાના આગળના તથા પાછળના ભાગે વાગેલ હતુ, લોહી નીકળતુ હતુ, કાનમાંથી લોહી નીકળતુ હતુ, આંખો કાળી પડી ગયેલ હતી, ડાબા હાથની કોણીએ પણ ઈજા હતી અને ટાંકા લીધેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં સદર પંચ સાહેદે તેઓની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં, તેઓ અને આ કામના ફરીયાદી ભારતીબેન બંને એક જ સોસાયટીમાં રહે છે. તેઓ એક જ જ્ઞાતીના છે અને ફરીયાદી સાથે તેમને સારા સંબંધ છે. મરનાર ફરીયાદી ભારતીબેનના ભાઈ થતાં હોવાથી તેઓ પંચમાં રહેલા. પોલીસે જે પંચનામુ લખેલુ તે પંચનામુ આજરોજ કોર્ટમાં આવી, વાંચી તે પ્રમાણે જુબાની આપેલ છે. પંચનામુ જે પોલીસવાળા લખતા હતા તેમનું નામ તેમને ખબર નથી. મરણજનારે આખી બાયની બંધ ગળાની ટીશર્ટ પહેરેલ હતી જેનો રંગ હાલ તેમને યાદ નથી. મરણજનારે ડાર્ક બ્લ્યુ રંગનું પેન્ટ પહેરેલ હતુ. તેઓએ તેમના વકીલ જોડે આજરોજ જે પંચનામુ વાંચેલુ તેમાં આ બધી હકીકતો લખેલી હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદર પંચ સાહેદના પુરાવાથી સરતપાસ અને ઉલટતપાસમાં વિરોધાભાષ જણાઈ આવતો હોઈ , સદર પંચનામુ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થઈ શકે નહી તેમ હું માનુ છુ.

**<u>(૧૧) પંચ સાહેદ નં. ૨ નો પુરાવો :</u>**

ફરિયાદ પક્ષ તરફે પંચ સાહેદ મયુર શૈલેષભાઈ પટેલને આંક-૧૭ થી

સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, તા.૨૭/૦૬/૨૦૨૩ ના રોજ પંચનામામાં ભારતીબેનના કહેવાથી સહી કરેલી. સાહેદ જણાવે છે કે, તા.૨૭/૦૬/૨૦૨૪ના રોજ પંચનામામાં સહી કરેલી. દેત્રોજથી કાંજ ગામે પોલીસ સાથે ભોજાણીવાસ ખાતે જવાનું થયેલુ. બ્લોક પાથરેલી ખુલ્લી જગ્યા હતી. ત્યાં રતાશ પડતાં લોહીવાળા ડાઘા જોયેલા અને પોલીસવાળા રૂનું પુમડુ લઈ ઘસીને નમુના લીધેલા. પોલીસે છાણવાળી માટી જેના પર લોહી પડેલુ હતુ તે કબ્જે લીધેલી. પ્લાસ્ટીકની ડબ્બીમાં રૂનાં પુમડા અને માટી પોલીસે તપાસ અર્થે તેમની હાજરીમાં કબ્જે લીધેલી. સ્થળ ઉપર તેઓએ અને બીજા પંચ પિન્ટુએ પંચનામામાં સહીઓ કરેલી. આ જગ્યાની આજુબાજુમાં મકાનો હતા. જેમાં એક ચંદુભાઈનું મકાન હતુ. એક સવિતાબેનનું મકાન હતુ, એક મકાન જેનુ ખુન થયેલુ હતુ તેનુ હતુ અને એક આરોપીઓનું મકાન હતુ. તેમને નિશાની ૫/૮ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે. તેમાં તેમની સહી બતાવતા ઓળખે છે તથા બીજા પંચ પિન્ટુભાઈએ તેમની હાજરીમાં સહી કરેલી તેથી તેમની સહી પણ ઓળખી બતાવે છે. જે પંચનામુ આ કામે આંક–૧૮ થી રજુ કરવામાં આવેલ છે. તેમને મુદ્દામાલ માટી તથા રૂ નાં પુમડાં બતાવવામાં આવે તો ઓળખી બતાવે છે.

સદર પંચ સાહેદની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ અને ફરીયાદી ભારતીબેન એક જ સોસાયટીમાં રહે છે અને તેમને તેમની સાથે સારા સંબંધ છે. તેમની સોસાયટીમાં રહેતા મેહુલભાઈ તથા પિન્ટુભાઈ અને તેઓ એક જ ગ્રૃપના છે અને એકબીજાના કામ કરે છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના ફરીયાદી ભારતીબેન સાથે આ કેસની મુદ્દતે તેઓ અગાઉ પણ બે ત્રણ વાર આવેલ છે. વધુમાં તેઓને સવાલ પુછવામાં આવે છે કે, પંચનામુ તમે વાંચેલુ? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, પંચનામુ લખાઈ ગયા બાદ સહી કરી ત્યારે વાંચેલુ. વધુમાં તેઓને સવાલ પુછવામાં આવે છે કે, કોર્ટમાં આવ્યા બાદ પંચનામુ વાંચેલુ ? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, ના. ફરીયાદી અને આરોપીના ઘર વચ્ચે જે ચોક છે તે નાનો–મોટો નથી પરં

તુ માપનો છે. તે ચોકની લંબાઈ –પહોળાઈ તેઓ કહી શકતા નથી. વધુમાં તેઓને સવાલ પુછવામાં આવે છે કે, તમે પંચનામામાં ફરીયાદી અને આરોપીના ઘર વચ્ચેનું અંતર ૨૫ ફુટ હોવાનું તમે લખાવેલુ છે ? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, ના, પોલીસવાળાએ લખેલુ અને સહી કરી ત્યારે તેઓએ વાંચેલુ. આરોપીના ઘર આગળ દિવાલ હતી પછી ઓસરી હતી કે જાળી હતી તે તેઓ કહી શકતા નથી. આરોપીના ઘરની જાળી બહાર ૯ ઈંચની પહોળાઈની જે દિવાલ આવેલી છે તે કેટલી લાંબી છે તે કહી શકતા નથી. જે લોહી પડેલુ હતુ તે મરનારના ઘર પાસે પડેલુ હતુ. જે લોહી પડેલુ હતુ તે બ્લોક ઉપર પડેલુ હતુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બ્લોક ઉપર માટી પણ હતી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બ્લોક કાઢી શકાય તે પ્રકારના હતા. બનાવવાળી જગ્યા પર કેટલી જગ્યાએ લોહી પડેલુ હતુ તે તેઓએ જોયેલુ નહી. દિવાલ ઉપર, ખાટલા પર લોહી છે કે કેમ તે તેઓ ચેક કરવા ગયા ન હતા. પંચનામાં વખતે સ્થળ પર આશરે દસેક માણસો હતા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમાં ફરીયાદી ભારતીબેન અને તેમનો બાબો હતો. તેઓ ઉપરાંત પિન્ટુભાઈ હતા. દેત્રોજથી સ્થળ ઉપર હાજરમાં તેઓ, ભારતીબેન, તેમનો બાબો, ભારતીબેનના પતિ, ધર્મેન્દભાઈ હતા. તેઓ ભારતીબેનના મમ્મીને મળેલા નહી. ભારતીબેનના મમ્મી તેમની સોસાયટીમાં ભારતીબેન જોડે રહે છે. તેમને ભારતીબેન સાથે સારા સંબંધ છે તેથી પંચમાં રહેલો, તે સિવાય બીજુ કોઈ કારણ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભારતીબેને કહેલુ તેથી તેઓએ પંચમાં સહી કરેલી અને જુબાની આપે છે.

**<u>પંચસાહેદના પુરાવાનું વિશ્લેષણ:</u>**

સદર પંચસાહેદનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં તેઓએ તેમની જુબાનીમાં પંચનામાની હકીકતને સમર્થન આપેલ છે પરંતુ ઉલટતપાસમાં, તેઓને સવાલ પુછવામાં આવે છે કે, પંચનામુ તમે વાંચેલુ? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, પંચનામુ લખાઈ ગયા બાદ સહી કરી ત્યારે વાંચેલુ. વધુમાં તેઓને સવાલ પુછવામાં આવે છે કે, તમે પં ચનામામાં ફરીયાદી અને આરોપીના ઘર વચ્ચેનું અંતર ૨૫ ફુટ હોવાનું તમે લખાવેલુ છે ? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, ના, પોલીસવાળાએ લખેલુ અને સહી કરી

ત્યારે તેઓએ વાંચેલુ. આરોપીના ઘરની જાળી બહાર ૯ ઈંચની પહોળાઈની જે દિવાલ આવેલી છે તે કેટલી લાંબી છે તે કહી શકતા નથી. ભારતીબેને કહેલુ તેથી તેઓએ પંચમાં સહી કરેલી અને જુબાની આપેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદરહું સાહેદની પંચનામાની સંપુર્ણ હકીકતને સમર્થનકારી જુબાની ઉલટતપાસમાં જણાઈ આવતી ન હોય અને વિરોધાભાષ ઉભો થતો હોય જેનો લાભ આરોપીઓને મળવાપાત્ર થાય છે તેમ હું માનુ છુ.

**(૧૨) પંચ સાહેદ નં. ૩ નો પુરાવો :**

ફરિયાદ પક્ષ તરફે પંચ સાહેદ વિશાલભાઈ પિન્ટુભાઈ પટેલને આંક–૨૪ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, સને–૨૦૨૪નાં છઠ્ઠાં માસમાં તેઓ ખેતરમાંથી ખેતી કામ કરી ઘરે જતા હતા ત્યારે તેઓ ચામુંડા હોટલે બેઠેલ ત્યાં પોલીસ એક પંચનામામાં સહી કરાવેલી. ત્યાંથી પોલીસ તેમને દેત્રોજ પોલીસ સ્ટેશન લઈ ગયેલી. ત્યાં ત્રણ આરોપીઓ હાજર હતા. જેઓના નામ (૧) રાજેશ બચુભાઈ (૨) વિનેકભાઈ રાજેશભાઈ (૩) કમલેશભાઈ રાજેશભાઈ નાઓ હાજર હતા. પોલીસ સ્ટેશનમાં આરોપીઓના કપડા તેઓને બતાવેલ. પોલીસે કપડા બતાવીને કાપડની બેગીમાં તપાસ અર્થે કબજે લીધેલા. તેમને મુદ્દામાલ કપડા બતાવવામાં આવે તો ઓળખી શકે. તેઓને આંક–૨૫ થી ૩૦ સુધીની પંચસ્લીપો બતાવતા તેમાં તેઓ પંચ નં.૨ તરીક તેમની સહી ઓળખી બતાવે છે. તેમને નિશાની ૫/૧૦ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં પંચ નં.૨ તરીકે તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. જે પંચનામુ આ કામે આંક–૩૧ થી રજુ કરવામાં આવેલ છે.

સદર પંચ સાહેદની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, તેમને એ વાતની ખબર નથી કે તેઓ ખોડીયાર નગર રહેતા હતા ત્યારે ભારતીબેન ખોડીયાર નગર રહેતા હતા. તેઓ ૧૩ વર્ષની ઉંમર સુધી ખોડીયાર નગર રહેલ ત્યાર પછી કડી રહેવા જતા રહેલ. તેઓ બે વર્ષ પછી દેત્રોજ રહેવા આવી ગયેલ. તેઓએ પંચમાં સહી કરી ત્યારે તેઓ ખોડીયાર વાસની બાજુમાં એ.ડી.સી.બેંક, દેત્રોજ ખાતે રહેતા હતા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ પંચનામામાં

તેમનું નામ, સરનામુ જાતે લખાવેલુ. પંચનામામાં તેમનું સરનામુ ખોટુ દર્શાવેલ છે તે તેઓએ ખોટુ દર્શાવેલ છે. ભારતીબેનના બાબાનું નામ તેમને ખબર નથી. પંચ મયુરભાઈ શૈલેષભાઈ ખોડીયાર વાસમાં રહે છે કે કેમ તેની તેમને ખબર નથી. પંચ પિન્ટુભાઈ પરષોત્તમભાઈ પટેલ ખોડીયાર વાસમાં રહે છે તેની તેમને ખબર નથી. પિન્ટુભાઈ તેમના પિતા થાય છે. તેઓ અને તેમના પિતા સાથે પોલીસ સ્ટેશનમાં ગયેલ નથી, અલગ અલગ ગયેલા. તેઓએ પંચનામામાં પોલીસ સ્ટેશને સહી કરેલી. તેઓએ ચામુંડા હોટલે સહી કરેલી નહી. તેઓ આરોપીઓને પહેલાથી ઓળખતા ન હતા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ કોર્ટમાં ૨-૩ વાર આવેલા ત્યારે તેઓએ આરોપીઓને કોર્ટમાં જોયેલા. કોર્ટમાં તેમને બીજો કોઈ કેસ નથી. આ કેસ બાબતે આવેલા. વધુમાં તેઓ જણાવે છે કે, તેઓએ આરોપીઓને ઓળખી બતાવ્યા ત્યારે આરોપીઓ પોલીસ સ્ટેશન કસ્ટડીમાં હતા, બહાર ન હતા. આ આરોપીઓને પોલીસે આ આરોપી છે તેમ કહી તેમને ઓળખી બતાવેલા. તેમને પોલીસે આરોપીના કપડા બતાવેલા, કયા પોલીસે બતાવેલા તેમનું નામ તેમને યાદ નથી. પોલીસ સ્ટેશનમાં પંચનામુ લખાવેલ તે પંચનામુ પોલીસ કાપલીમાં લખતા હતા. આ પંચનામુ કઈ રૂમમાં બેસીને લખતા હતા તે તેઓ કહી શકતા નથી. તેઓ રૂમમાં પંચનામાં વખતે હતા કયા રૂમમાં ટાઈપ કરતા હતા તે તેઓ કહી શકતા નથી. દેત્રોજ પોલીસ સ્ટેશનમાં કેટલી રૂમો આવેલી છે તેની તેમને ખબર નથી, કારણ કે તેઓ ગયેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ દેત્રોજ પોલીસ સ્ટેશન ગયેલ નથી તેથી બહારના પગથિયા, અંદરના રૂમો અંગે માહીતી નથી. આ પંચનામુ ટાઈપ કરતા વખતે કેટલા માણસો ત્યાં હતા તેની તેમને ખબર નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કપડા વિશે પંચનામુ ટાઈપ કરી તેમની સહી લીધી તે સિવાય બીજુ કંઈ તેઓ જાણતા નથી. પોલીસે પંચનામુ તૈયાર કરી તેમની સહી લીધેલી. આ પંચનામુ કયા પોલીસ ટાઈપ કરતી હતી અને કઈ પોલીસ લખાવતી હતી તેની તેમને માહીતી નથી.

**<u>પંચસાહેદના પુરાવાનું વિશ્લેષણ:</u>**

સદર પંચસાહેદનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં તેઓએ તેમની જુબાનીમાં પંચનામાની હકીકતને સમર્થન આપેલ છે પરંતુ ઉલટતપાસમાં, તેમને એ વાતની ખબર નથી કે તેઓ ખોડીયાર નગર રહેતા હતા ત્યારે ભારતીબેન ખોડીયાર નગર રહેતા હતા. તેઓ ૧૩ વર્ષની ઉંમર સુધી ખોડીયાર નગર રહેલ ત્યાર પછી કડી રહેવા જતા રહેલ. તેઓ બે વર્ષ પછી દેત્રોજ રહેવા આવી ગયેલ. તેઓએ પંચમાં સહી કરી ત્યારે તેઓ ખોડીયાર વાસની બાજુમાં એ.ડી.સી.બેંક, દેત્રોજ ખાતે રહેતા હતા. તેઓએ પંચનામામાં તેમનું નામ, સરનામુ જાતે લખાવેલુ. પંચનામામાં તેમનું સરનામુ ખોટુ દર્શાવેલ છે તે તેઓએ ખોટુ દર્શાવેલ છે. ભારતીબેનના બાબાનું નામ તેમને ખબર નથી. પંચ મયુરભાઈ શૈલેષભાઈ ખોડીયાર વાસમાં રહે છે કે કેમ તેની તેમને ખબર નથી. પંચ પિન્ટુભાઈ પરષોત્તમભાઈ પટેલ ખોડીયાર વાસમાં રહે છે તેની તેમને ખબર નથી. પિન્ટુભાઈ તેમના પિતા થાય છે. તેઓ અને તેમના પિતા સાથે પોલીસ સ્ટેશનમાં ગયેલ નથી, અલગ અલગ ગયેલા. તેઓએ પંચનામામાં પોલીસ સ્ટેશને સહી કરેલી. તેઓએ ચામુંડા હોટલે સહી કરેલી નહી. તેઓ આરોપીઓને પહેલાથી ઓળખતા ન હતા. તેઓ કોર્ટમાં ૨-૩ વાર આવેલા ત્યારે તેઓએ આરોપીઓને કોર્ટમાં જોયેલા. કોર્ટમાં તેમને બીજો કોઈ કેસ નથી. આ કેસ બાબતે આવેલા. તેઓએ આરોપીઓને ઓળખી બતાવ્યા ત્યારે આરોપીઓ પોલીસ સ્ટેશન કસ્ટડીમાં હતા, બહાર ન હતા. આ આરોપીઓને પોલીસે આ આરોપી છે તેમ કહી તેમને ઓળખી બતાવેલા. તેમને પોલીસે આરોપીના કપડા બતાવેલા, કયા પોલીસે બતાવેલા તેમનું નામ તેમને યાદ નથી. પોલીસ સ્ટેશનમાં પંચનામુ લખાવેલ તે પંચનામુ પોલીસ કાપલીમાં લખતા હતા. આ પંચનામુ કઈ રૂમમાં બેસીને લખતા હતા તે તેઓ કહી શકતા નથી. તેઓ રૂમમાં પંચનામાં વખતે હતા કયા રૂમમાં ટાઈપ કરતા હતા તે તેઓ કહી શકતા નથી. દેત્રોજ પોલીસ સ્ટેશનમાં કેટલી રૂમો આવેલી છે તેની તેમને ખબર નથી, કારણ કે તેઓ ગયેલ નથી. તેઓ દેત્રોજ પોલીસ સ્ટેશન ગયેલ નથી તેથી બહારના પગથિયા, અંદરના રૂમો અંગે માહીતી નથી. આ પંચનામુ ટાઈપ કરતા વખતે કેટલા માણસો ત્યાં હતા તેની તેમને ખબર નથી. આ કપડા વિશે પંચનામુ ટાઈપ કરી તેમની સહી લીધી તે સિવાય બીજુ કંઈ તેઓ જાણતા નથી. પોલીસે પંચનામુ તૈયાર કરી

તેમની સહી લીધેલી. આ પંચનામુ કયા પોલીસ ટાઈપ કરતી હતી અને કઈ પોલીસ લખાવતી હતી તેની તેમને માહીતી ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદરહું સાહેદની પંચનામાની સંપુર્ણ હકીકતને સમર્થનકારી જુબાની ઉલટતપાસમાં જણાઈ આવતી ન હોચ અને વિરોધાભાષ ઉભો થતો હોચ જેનો લાભ આરોપીઓને મળવાપાત્ર થાય છે તેમ હું માનુ છુ.

**<u>(૧૩) પંચ સાહેદ નં. ૪, ૫ નો પુરાવો :</u>**

ફરિયાદ પક્ષ તરફે પંચ સાહેદ રવાજી વરવાજી ઠાકોરને આંક–૩૪ થી તથા પંચ સાહેદ રાજુભાઈ જીવણભાઈ રાઠોડને આંક–૩૬ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, એક વર્ષ પહેલા દેત્રોજ પોલીસે તેમની પંચનામામાં સહી કરાવેલી. તેઓએ સહી કરી ત્યારે પોલીસે કોઈ ઈસમોને પકડેલા હોય તે જાણેલુ નહી કે તેઓના નામ સરનામા પણ જાણેલા નહી. પોલીસ સાથે સરકારી ગાડીમાં કોઈ જગ્યાએ તેમને જવાનું થયેલુ હોય તેવુ બનેલુ નહી. આરોપીઓએ તેમની હાજરીમાં કોઈ હથિયારો શોધી આપેલા હોય અને પોલીસે કબજે લીધેલ હોય તેવુ તેઓએ જોયેલ નહી. તેમને નિશાની ૫/૧૧ નું પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં પંચ નં.૧ તથા પંચ નં.ર તરીકે તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. જે પંચનામુ આ કામે આંક–૩૫ થી રજુ કરવામાં આવેલ છે.

ફરિયાદ પક્ષ તરફે આ પંચસાહેદો આંક : ૩૫ વાળા પંચનામાની હકીકતોને સમર્થન આપતાં ન હોય ફરિયાદ પક્ષ તરફે તેઓને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલાં છે અને તેઓની ઊલટ તપાસ કરતાં તેઓ પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપતાં નથી.

સદર પંચ સાહેદ બચાવ પક્ષ તરફેની ઊલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમની તૈયાર પંચનામામાં સહી લીધેલી તે સિવાય કંઈ જાણતા નથી.

**<u>પંચસાહેદોના પુરાવાનું વિશ્લેષણ:</u>**

સદર પંચસાહેદોનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં તેઓને પોલીસે પંચનામામાં માત્ર સહી લીધેલી. તે સિવાયની કોઈ પણ હકીકતને સમર્થન કરતો પુરાવો રજૂ કરેલો

નથી. તેઓની હાજરીમાં કોઈ પંચનામું કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. જેથી આંક–૩૫ વાળું પંચનામું સાબિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.

**(૧૪) સાહેદ નં. ૬ નો પુરાવો :**

ફરિયાદ પક્ષ તરફે સાહેદ ધર્મેન્દ્રભાઈ પરષોત્તમભાઈ પટેલને આંક–૩૭ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, બનાવ છઠ્ઠાં મહીનાનાં ૨૦૨૪નાં અરસામાં કાંઝ ગામે જગદીશભાઈ જયંતિભાઈ ભોજાણીના ઘર આગળ બનેલો. બનાવમાં મારામારી થયેલી એટલો ખ્યાલ છે. મારામારી રાજુભાઈ તેમના બે દીકરા જેમાં એક દીકરાનું નામ કમલેશ છે તથા બીજાનું નામ ખબર નથી. બનાવ સમયે તેઓ ઘરે સુતા હતા અને પોલીસે તેમને જગાડેલ અને જણાવેલ કે તમારા સાળા જગદીશભાઈને પહેલા દેત્રોજ હોસ્પિટલ લઈ ગયેલ છે અને ત્યાંથી અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા તેવુ જાણેલુ. માથામાં અને શરીરના ભાગે વાગેલાનું જાણેલુ. બનાવનું કારણ તેમને ખબર નથી. બનાવ બન્યા બાદ તેમના સાળા જગદીશભાઈને તેમને મળવાનું બનેલુ નહી. આરોપીઓ કોર્ટમાં હાજર છે જેમને તમામને તેઓ ઓળખે છે. તેમના સાળા જેમને ઈજા પહોંચી હતી તેમને રાત્રે દાખલ કરેલા હતા અને તેમની સાળી ઉષાબેનનો ફોન આવતા તેઓએ જાણેલુ કે સવારે તેમના સાળા જગદીશભાઈ અવસાન પામેલ છે.

સદર સાહેદની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ અંગે તેઓને કોઈ જાત માહીતી નથી. બનાવ સમયે તેઓ હાજર ન હતા. બનાવ સમયે તેઓ પહોંચ્યા ત્યારે તેઓએ કશું જોયેલુ નહી અને બનાવ સમયે તેઓ ઘરે સુતા હતા. બનાવ તેઓએ નજરે જોયેલ નહી.

**સાહેદના પુરાવાનું વિશ્લેષણ:**

સદર સાહેદનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થનકારક હકીકત જણાવેલ નથી. તેમજ તેઓએ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ, બનાવ અંગે તેઓને કોઈ જાત માહીતી નથી. બનાવ સમયે તેઓ હાજર ન હતા. બનાવ સમયે તેઓ પહોંચ્યા ત્યારે તેઓએ કશું જોયેલુ નહી અને બનાવ સમયે તેઓ ઘરે સુતા હતા. બનાવ તેઓએ નજરે જોયેલ ન હોવાની

હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદર સાહેદની જુબાની ઉપર આધાર રાખી આ કામના આરોપીઓને હાલના ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેટલો પુરાવો રેકર્ડ ઉપર જણાઈ આવતો નથી અને ફરીયાદની હકીકતને સમર્થન મળતુ નથી તેમ હું માનુ છુ.

**(૧૫) સાહેદ નં. ૭ નો પુરાવો :**

ફરિયાદ પક્ષ તરફે  સાહેદ બેચરભાઈ શંકરભાઈ પંચાલને આંક-૩૯ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, બનાવ વિશે તેઓ કંઈ જાણતા નથી. તેઓએ કોઈ ઈજા પામનારાઓને જોયેલા નહી કે ઈજા કોણે કરેલી તે જાણેલુ નહી. તેઓ કયાંય કોઈપણ પ્રકારનો બનાવ જોવા ગયેલ હોય તેવુ પણ બનેલુ નથી. આરોપીને તેઓ ઓળખતા નથી.

ફરિયાદ પક્ષ તરફે આ સાહેદ તેઓના પોલીસ નિવેદનની હકીકતોને સમર્થન આપતાં ન હોય ફરિયાદ પક્ષ તરફે તેઓને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલાં છે અને તેઓની ઊલટ તપાસ કરવાં છંતાયે તેમણે ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી.

સદરહુ સાહેદની બચાવ પક્ષ તરફે ઊલટતપાસ કરવામાં આવતા તેઓએ એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ બનાવ વિશે કંઈ જાણતા નથી.

**સાહેદના પુરાવાનું વિશ્લેષણ:**

સદર સાહેદનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં, હાલના સાહેદ ફરીયાદપક્ષને મદદરુપ થતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેમને ફરી ગયેલ જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ તેમને પોલીસ સમક્ષ આપેલ નિવેદનની વિરુઘ્ઘ/સમર્થન ન કરતી જુબાની આપેલ છે. વઘુમાં તેઓએ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં, તેઓ બનાવ વિશે કંઈ જાણતા ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, આ સાહેદ પણ તેઓએ તેઓના પોલીસ નિવેદનથી તદ્દન વિપરીત એવી હકીકત તેઓની જુબાનીમાં જણાવતાં હોય તેઓની જુબાની ઉપર આધાર રાખીને હાલના આરોપીઓને હાલના ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહીં તેમ હું માનું છું.

**(૧૬) ફરીયાદી સાહેદ નં. ૮ નો પુરાવો :**

ફરિયાદ પક્ષ તરફે ફરીયાદી સાહેદ ભારતીબેન ધર્મેન્દ્રભાઈ પટેલને આંક–૭૨ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, તેઓ ત્રણ ભાઈ બહેન છે. તેમની નાની બેન ઉષાનો દોઢ વર્ષ પહેલા તેઓ ઘરે જતા હતા ત્યારે રાત્રે પોણા બાર વાગ્યાની આસપાસ ફોન આવેલો અને જણાવેલ કે, આપણા ભાઈ જગદીશ ઉર્ફે જીગર જયં તિભાઈ પટેલને કુટુંબમાં બોલચાલનો ઝઘડો થયેલ છે. આ બોલચાલનો ઝઘડો કોની સાથે થયેલો છે તે અંગે તેમની નાનીબેન ઉષાએ જણાવેલ નહી તેમજ જગદીશને કોઈ હથિયારથી વાગેલ છે કે કેમ તેવી હકીકત પણ તેમને જણાવેલ નહી. કોઈએ ૧ ૦૮ બોલાવતાં તેને દવાખાનામાં દાખલ કરેલાંનુ તેમની બેન ઉષાએ જણાવેલુ. તેને ગાં ધીનગર હોસ્પિટલ દાખલ કરેલ છે તેવુ જાણેલુ. ત્યારબાદ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા હોવાનું પણ જાણેલુ. ત્યારબાદ તેમના પતિ તેમની ખબર કાઢવા અમદાવાદ સીવીલ હોસ્પિટલ ગયેલા અને તેમના પતિનો સીવીલ હોસ્પિટલથી તેમના પર ફોન આવેલો અને તેમને જણાવેલ કે તમારા સંબંધી જગદીશભાઈ ઉર્ફે જીગરભાઈ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ છે. આ બનાવ બનવાનું કારણ તેઓએ જાણેલુ નહી. કયા ઈસમો જોડે જગદીશભાઈને માથાકુટ થયેલી એ પણ તેઓએ જાણેલુ નહી. તેમના ગુજરનાર સગા ભાઈ થતાં હોય તેઓએ પોલીસમાં ફરીયાદ લખાવેલી. આરોપીઓને તેઓ ઓળખતી નથી. તેમને નિશાની ૫/૧ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં તેમની સહી બતાવતા ઓળખે છે. જે ફરીયાદ આ કામે આંક–૭૩ થી રજુ કરવામાં આવેલ છે.

ફરિયાદ પક્ષે આંક–૭૩ થી ફરિયાદ રજૂ કરેલ છે, જેમાં સદર ફરિયાદી પોતાની સહી ઓળખી બતાવે છે. સદર ફરિયાદી રજૂ ફરિયાદની હકીકતને સમર્થન આપેલ ન હોય, વિ. એ.પી.પી.શ્રી દ્વારા ફરિયાદીને ફરી ગયેલ જાહેર કરી, ઊલટ તપાસ કરવાની પરવાનગી માંગતા, પરવાનગી આપવામાં આવેલ છે. વિ. એ. પી. પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઊલટ તપાસમાં પણ તેઓએ ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી.

સદરહુ ફરીયાદી સાહેદની બચાવ પક્ષ તરફે વિ.વકીલ શ્રી નાઓ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અમદાવાદ દવાખાનાથી

તેમના પતિ દેત્રોજ આવ્યા બાદ તેઓ તથા બીજા સગાવ્હાલા અને તેમના પતિ દેત્રોજ પો.સ્ટે. ગયેલા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દવાખાનેથી તેમના પતિ આવ્યા બાદ તેઓ પો.સ્ટે. ગયા ત્યારે તેમને માહીતી ન હતી કે મરણજનાર તેમના ભાઈને કઈ રીતે ઈજા થઈ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ પો.સ્ટે. ગયા ત્યારે ફરીયાદમાં માત્ર તેમનું નામ, સરનામુ લખાવેલુ બીજી કોઈ હકીકત તેઓએ લખાવેલી નહી. બનાવમાં ઈજા તેમના ભાઈને કઈ રીતે થયેલ તે તેમને જાણવા મળેલુ નહી. આરોપીઓએ તેમના ભાઈને કોઈ ઈજા પહોંચાડેલ નથી.

**<u>ફરિયાદીના પુરાવાનું વિશ્લેષણ:</u>**

સદર ફરિયાદીનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં, ફરિયાદી કે જેઓ મરણ જનારના ભાઈ થાય છે તેઓએ તેમની આંક–૪૩ વાળી સરતપાસમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીનાઓએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ અને ત્યારબાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ખુદ તેમની પોલીસ રુબરુ આપેલ ફરિયાદ કરતાં તદ્દન વિપરીત એવી હકીકત તેમની જુબાનીમાં જણાવેલ હોય તેમની જુબાનીથી ફરીયાદ હકીકતને સંપુર્ણપણે સમર્થન મળતુ નથી. જેથી જયારે ફરીયાદને ફરીયાદી દ્વારા કોઈપણ પ્રકારનું સમર્થન પ્રાપ્ત થતુ ન હોય ત્યારે તે ફરીયાદમાં જણાવેલ વિગતને પણ સમર્થન પ્રાપ્ત થતુ નથી. જેથી તેઓની જુબાની ઉપર આધાર રાખી આરોપીઓને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં, સદરહું ફરીયાદી સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ જોતાં, અમદાવાદ દવાખાનાથી તેમના પતિ દેત્રોજ આવ્યા બાદ તેઓ તથા બીજા સગાવ્હાલા અને તેમના પતિ દેત્રોજ પો.સ્ટે. ગયેલા. દવાખાનેથી તેમના પતિ આવ્યા બાદ તેઓ પો.સ્ટે. ગયા ત્યારે તેમને માહીતી ન હતી કે મરણજનાર તેમના ભાઈને કઈ રીતે ઈજા થઈ છે. તેઓ પો.સ્ટે. ગયા ત્યારે ફરીયાદમાં માત્ર તેમનું નામ, સરનામુ લખાવેલુ બીજી કોઈ હકીકત તેઓએ લખાવેલી નહી. બનાવમાં ઈજા તેમના ભાઈને કઈ રીતે થયેલ તે તેમને જાણવા મળેલુ નહી. આરોપીઓએ તેમના ભાઈને કોઈ ઈજા પહોંચાડેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, હાલના સાહેદની સંપુર્ણ જુબાની જોતાં આ કામના આરોપીઓ દ્વારા મરણજનારનુ

મૃત્યુ કરવામાં આવેલ હોય તે બાબતે શંકા ઉપસ્થિત થતી હોય તેમજ સદર ફરીયાદી સાહેદની સંપુર્ણ જુબાની જોતાં ફરીયાદની હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી અને શંકા ઉત્પન્ન થાય છે અને વિરોધાભાષ સ્પષ્ટ થાય છે ત્યારે તેનો લાભ આરોપીઓને મળવાપાત્ર થાય છે તેમ હું માનુ છુ.

**(૧૭) સાહેદ નં. ૯ નો પુરાવો :**

ફરિયાદ પક્ષ તરફે સાહેદ ઉષાબેન રાકેશકુમાર પટેલને આંક-૪૪ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, આજથી ૧૨ માસ પહેલા રાતના બારેક વાગ્યાના સુમારે તેમના ઘરે ઈજપુરા ખાતે સુતી હતી તે વખતે કોઈનો તેમના પતિ રાકેશભાઈ ઉપર ફોન આવેલો. તે પણ તે દરમ્યાન સુતા હતા અને જાણવા મળેલ કે તેમના ભાઈ જગદીશ ઉર્ફે જીગરને કોઈ ઈજા થવા પામેલ છે પણ તેઓ ઉંઘમાં હોય અને અર્ધજાગરત હોય ફોન કરનારની વાત બરાબર સાંભળી શકેલ નહી અને ફોન કટ થઈ ગયેલો. બીજે દિવસે જાણવા મળેલ કે ઈજાના કારણે તેમના ભાઈ જગદીશભાઈનું મૃત્યુ થવા પામેલ છે. આ તેમના ગુજરનાર ભાઈને કોઈની સાથે કોઈપણ પ્રકારની અદાવત હોય તેવુ તેઓને કયારેય જાણવા મળેલુ નહી. બાદ બનાવની જાણ તેમની બહેન ભારતીબેનને કરેલી. તેઓ સીવીલ હોસ્પિટલમાં સમાચાર જાણ્યા પછી તેમના પતિ સાથે ગયેલી અને તેમના ભાઈનુ પી.એમ. કર્યા બાદ અમદાવાદમાં તેની અંતિમવીધી કરેલી. બનાવનું કારણ તેઓએ જાણેલુ નહી. આરોપીઓ તેમના કુટુંબના હોવાથી ઓળખે છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, પોલીસે બનાવ સંદર્ભે તેમની પુછપરછ કરેલ કે કેમ તે તેમને હાલ યાદ નથી. પુછપરછ દરમ્યાન પોલીસે તેમને કોઈ કોર્ટમાં હાજર રહેવાની સુચના આપેલ હોય અને કોર્ટમાં કોઈ અધિકારીએ તેમને બંધ બારણે કોઈ પુછપરછ કરેલ હોય અને તેમને સમજ આપેલ હોય અને તેમની પુછપરછ કરેલ હોય તેવુ પણ તેમને હાલમાં યાદ નથી. તેમને સીલબંધ ખાખી કવર તોડીને તેમાંથી નિકળેલ સી.આર.પી.સી.૧૬૪ નું નિવેદન બતાવવામાં આવે છે. જેમાં હાંસીયામાં તથા અંતમાં તેમની સહી બતાવતા ઓળખે છે. જે આ કામે આંક-૬૫ થી રજુ કરવામાં આવેલ છે.

ફરિયાદ પક્ષ તરફે આ સાહેદ તેઓના પોલીસ નિવેદનની હકીકતોને સમર્થન

આપતાં ન હોય ફરિયાદ પક્ષ તરફે તેઓને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલાં છે અને તેઓની ઊલટ તપાસ કરવાં છંતાયે તેમણે ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી.

સદરહુ સાહેદની બચાવ પક્ષ તરફે ઊલટતપાસ કરવામાં આવતા તેઓએ એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેમના ભાઈ જગદીશનું મૃત્યુનુ કારણ તેઓએ જાણેલ નહી. પોલીસે તેમનું નામ, સરનામુ પુછેલુ બીજી કોઈ હકીકત તેઓએ જણાવેલ નહી. પોલીસે કહ્યુ એ મુજબ તેઓએ કોર્ટમાં હકીકત જણાવેલ અને સહી કરેલી.

**<u>સાહેદના પુરાવાનું વિશ્લેષણ:</u>**

સદર સાહેદનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં, હાલના સાહેદ ફરીયાદપક્ષને મદદરુપ થતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેમને ફરી ગયેલ જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ તેમને પોલીસ સમક્ષ આપેલ નિવેદનની વિરુધ્ધ/સમર્થન ન કરતી જુબાની આપેલ છે. વધુમાં તેઓએ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં, તેમના ભાઈ જગદીશનું મૃત્યુનુ કારણ તેઓએ જાણેલ નહી. પોલીસે તેમનું નામ, સરનામુ પુછેલુ બીજી કોઈ હકીકત તેઓએ જણાવેલ નહી. પોલીસે કહ્યુ એ મુજબ તેઓએ કોર્ટમાં હકીકત જણાવેલ અને સહી કરેલી હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, આ સાહેદ પણ તેઓએ તેઓના પોલીસ નિવેદનથી તદૃન વિપરીત એવી હકીકત તેઓની જુબાનીમાં જણાવતાં હોય તેઓની જુબાની ઉપર આધાર રાખીને હાલના આરોપીઓને હાલના ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહીં તેમ હું માનું છું.

**<u>(૧૮) તબીબ સાહેદ નં. ૧૦ નો પુરાવો :</u>**

ફરિયાદ પક્ષ તરફે તબીબ સાહેદ ડૉ. અલ્પેશ ઝવેરચંદ શાહને આંક–૪૬ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, હાલ તેઓ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં છેલ્લાં ૧૭ વર્ષથી ઈમરજન્સી વિભાગમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે. સને–૨૦૧૪માં તેઓ તેમની ફરજ પર હતા ત્યારે દેત્રોજ પો.સ્ટે.ના પી.એસ.આઈ. આર.એલ.રબારી નાઓ પાસેથી ઈન્કવેસ્ટ પંચનામા સાથે એક

પુરુષની લાશ, ઉ.વ.૩૫ ની પી.એમ. માટે તા.૨૭/૦૬/૨૦૨૪ નાં રોજ બપોરે ૧:૪૦ કલાકે તેમને મળવા પામેલી. શબનું પી.એમ.તેઓએ તથા તેમના સાથી ર્ડા.બી.બી.ઝવેરીનાઓએ તે જ દિવસે બપોરે ૨:૦૦ કલાકે કરેલુ અને બપોરે ૩:૦૦ કલાકે શબનું પરીક્ષણ પુરૂ કરેલુ. તેમના સાથી ર્ડા.ઝવેરીએ શબનાં પી.એમ.ની નોટ તૈયાર કરેલી. નિશાની ૫/૭ પી.એમ.નોટ તેમને બતાવવામાં આવે છે. જેમાં તેમની તથા ર્ડા.ઝવેરીની સહી બતાવતા ઓળખે છે અને તેમાં તેમના બંનેના હોદ્દાના રબર સ્ટેમ્પ લગાવેલા છે. જે આ કામે આંક–૪૭ થી રજુ કરવામાં આવેલા છે. વધુમાં તેઓ જણાવે છે કે, શબનું બાહ્ય પરીક્ષણ કરતાં તે આશરે ૩૫ વર્ષના પુરુષની લાશ હતી. તેને મરૂન કલરનું આખી બાયનું ટીશર્ટ પહેરેલ હતુ. તે ટીશટૃના આગળના ભાગે ત્રણ સફેદ આડી પટ્ટીની ડિઝાઈન હતી. તેણે બ્લેક જીન્સ પેન્ટ પહેરેલ હતુ. કપડા લોહીથી ખરડાયેલા હતા અને તેના પર માટી ચોંટેલી હતી. કપડા પોલીસને આપેલા હતા. ડેડબોડી પર જમણા હાથના કલાઈના ભાગે અંગ્રેજીમાં ''JS'' લખેલુ હતુ. શરીરનો બાંધો સામાન્ય હતો. લાશ ઠંડી હતી. શરીર પર અકડાવાની પ્રક્રિયા એટલે કે રાઈગર મોર્ટીસ વિકસતા સ્ટેજમાં હતી. શરીરના પાછળના ભાગમાં પી.એમ.લીવીડીટી જોવા મળેલ. જે ફીકસ થઈ ગયેલી હતી. બંને આંખો તથા બંને આઈલીડસ સોજાયેલી હતી. મોઢુ અર્ધખુલ્લુ હતુ. નાકમાંથી તથા બંને કાનમાંથી લોહી જોવા મળેલુ. લાશનું બાહ્ય પરીક્ષણ કરતાં નીચે મુજબની ઈજાઓ જોવા મળેલી. (૧) કપાળની જમણી બાજુએ ૫ સે.મી. ત્રાંસો ટાંકા લીધેલો ઘા જોવા મળેલો. જે નીચેની બાજુ મધ્ય બાજુ જતો જોવા મળેલો. તેનો મધ્ય બાજુનો ખુણો આઈબ્રોથી ૧ સે.મી. ઉપર અને મધ્ય લાઈનથી જમણી બાજુ ૨.૫ સ ે.મી. હતો.(૨) માથામાં જમણા પર્યટલ ભાગમાં ૫ સે.મી. જેટલો લાંબો,ત્રાંસો ટાં કા લીધેલો ઘા જોવા મળેલો. જે નીચેની બાજુ પાછળની બાજુ જોવા મળેલો. તેનો ઉપરનો મધ્ય બાજુનો ખુણો મધ્ય લાઈનથી ૭ સે.મી. જમણી બાજુ અને નીચેનો બહારની બાજુનો ભાગ જમણા કાનથી ૭ સે.મી. ઉપર હતો. (૩) કપાળની ડાબી બાજુ ૧.૫ સે.મી. ત્રાંસો ટાંકા લીધેલો ભાગ જોવા મળેલો. જેનો બહારનો છેડો ડાબી બાજુના આઈબ્રોના બહારના છેડા સુધી હતો. (૪) માથાના ડાબી બાજુના ટેમ્પરલ નામના ભાગમાં સોજો જોવા મળેલો.

(૫) ડાબા પગના થાપાના ભાગે બહારની બાજુ ૧૦×૬ સે.મી.નું લાલાશ પડતુ ચકામુ જોવા મળેલુ. (૬) ડાબા પગના થાપાના ઉપરના ભાગે પાછળના બહારના ભાગે ૮×૫ સે.મી.નું લાલાશ પડતુ ચકામુ જોવા મળેલુ. (૭) જમણી બાજુના થાપાના નીચેના ભાગે તથા ઘુંટણના ભાગે ૨૨ × ૧૦ સે.મી.નું લાલાશ પડતુ ચકામુ જોવા મળેલુ. (૮) ડાબા હાથના કોણીના ભાગે પાછળના ભાગે ૪×૩ સે.મી. લાલાશ પડતુ ચકામુ જોવા મળેલુ. ઈજા નં.૧,૨,૩ નાં ટાંકા દુર કરતાં તેની માર્જીન સહેલાઈથી છુટી પડતી અને ઈરેગ્યુલર અને કન્ટયુઝડ જોવા મળેલી. ઉપરની તમામ ઈજા મૃત્યુ પહેલાની હતી. વધુમાં તેઓ જણાવે છે કે, શબનું આતંરીક પરીક્ષણ કરતાં માથાના જકણી બાજુમાં ફ્રન્ટો ટેમ્પોરલ તથા પરાઈટો ટેમ્પોરેલ નામના ભાગમાં તથા ડાબી બાજુના ફ્રન્ટો ટેમ્પોરલ ભાગમાં ચામડીની નીચે કન્ટયુઝન જોવા મળેલુ. જમણી બાજુના પરાઈટલ અને ટેમ્પોરલ નામના હાડકામાં ફ્રેકચર જોવા મળેલુ. જમણી બાજુના પરાઈટલ ટેમ્પોરેલ તથા ફ્રન્ટલ ભાગમાં ડયુરામીટરની નીચે લોહીનો ગઠ્ઠો જોવા મળેલો. મગજના તમામ ભાગમાં એરકનોઈડ નામના સ્પેશમાં લોહીનો ભરાવો જોવા મળેલો. આખુ મગજ કન્જકસ્ટેડ તથા સોજાયેલુ હતુ. તેના બંને ફેફસા કન્જકસ્ટેડ હતા. હદય ખાલી હતુ. તેનું જઠર પણ ખાલી હતુ. તેના ચકૃત, બરોડ તથા મુત્રપિંડ કન્જકસ્ટેડ હતા. પેશાબની કોથળી ખાલી હતી. તેના શરીરમાંથી લોહીનો નમુનો લઈ લેબલ કરી, શીલ કરી પોલીસને સોંપેલ. તેઓ બંને ડોકટરોના મંતવ્ય પ્રમાણે દર્દીનું મૃત્યુ માથાની ઈજાના કારણે શોક અને હેમરેજ થવાના કારણે થયેલ. ઉપરોકત માથાની ઈજા સખત, બોથડ જેવા હથિયારોથી થવાની સંભાવના છે. જેમાં લાકડી, ધોકા, લોખંડની પાઈપ જેવા હથિયારો હોઈ શકે. તેમને લાકડાના ત્રણ ધોકા બતાવવામાં આવે છે. જે જોઈને જણાવે છે કે, આ હથિયારો વડે મરનારને થયેલી ઈજા થઈ શકે અને મૃત્યુ નિપજી શકે.

સદર તબીબ સાહેદની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પી.એમ.વખતે પોલીસ યાદી, પંચનામુ અને મરણોત્તર ફોર્મ સામેલ હતી. માથાના ભાગની ઈજાઓ ફોર્સથી ઉપરથી પડી જવાથી થઈ શકે તેમજ અન્ય ઈજાઓમાં ચકામાની ઈજા બોથડ પદાર્થ સાથે અથડાવવાથી થઈ શકે.

**<u>તબીબ સાહેદના પુરાવાનું વિશ્લેષણ:</u>**

સદર તબીબ સાહેદનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં તેઓએ તથા અન્ય ડોકટર બી.બી.ઝવેરી નાઓએ આ કામે મરણ જનારનું પી. એમ. કરી તે અંગે મરનારની પી. એમ. નોટ આપેલાની કામગીરી તેઓએ તેઓની ફરજની રૂએ કરેલ છે. હાલના ડોકટર સાહેદની જુબાની સંદર્ભે મરણ જનારનું પી.એમ.થયેલાની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે , તેમજ તેઓ ઉલટતપાસમાં એ વાત સ્વીકારે છે કે, પી.એમ.વખતે પોલીસ યાદી, પંચનામુ અને મરણોત્તર ફોર્મ સામેલ હતી. માથાના ભાગની ઈજાઓ ફોર્સથી ઉપરથી પડી જવાથી થઈ શકે તેમજ અન્ય ઈજાઓમાં ચકામાની ઈજા બોથડ પદાર્થ સાથે અથડાવવાથી થઈ શકે. આમ, હાલના આરોપીઓ ધ્વારા મરણ જનારનું મોત નિપજાવેલ છે તે અંગે જયારે રેકર્ડ ઉપર કોઈ પુરાવો આવેલ ન હોય ત્યારે તેવા સંજોગોમાં હાલના ડોકટરશ્રીની જુબાની ફરીયાદ પક્ષને આરોપીઓ વિરુધ્ધ કેસ પુરવાર કરવામાં મદદરુપ થતો નથી.

**<u>(૧૯) ત.ક.અ. સાહેદ નં. ૧૧ નો પુરાવો :</u>**

ફરિયાદ પક્ષ તરફે ત.ક.અ. સાહેદ રમેશભાઈ સોમાભાઈ રબારીને આંક–૫૦ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, તા.૨૭/૦૬/૨૦૨૪ ના રોજ તેઓ પી.એસ.આઈ. તરીકે દેત્રોજ પો.સ્ટે. હાજર હતા તે દરમ્યાન સૌ પ્ર થમ સી.એચ.સી. દેત્રોજથી વર્ધી આવેલ કે, કાંઝ ગામે જીજ્ઞેશભાઈ ઉર્ફે જયંતિભાઈ પટેલ, ઉ.વ.૩૫, રહે.કાંઝ નાઓએ તેમના કુટુંબી રાજેશભાઈ બચુભાઈ તથા તેમના દિકરા વિનેકભાઈ રાજેશભાઈ તથા કમલેશભાઈ રાજુભાઈ વચ્ચે મારામારીનો ઝઘડો થયેલો તે અનુસંધાને જીજ્ઞેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થયેલ. સી.એચ.સી.દેત્રોજથી અમદાવાદ સીવીલ હોસ્પિટલ રીફર કરેલા. જે વર્ધીના આધારે તેઓ ગંભીર ઈજા પામનારની ફરીયાદ લેવા સારુ અમદાવાદ રવાના થયેલા અને તેમની તેઓ રૂબરૂ ફરીયાદ લેવામાં આવેલી. તે દરમ્યાન સીવીલ હોસ્પિટલ અસારવાથી વર્ધી આવેલ કે ઈજા પામનાર જીજ્ઞેશભાઈ ઉર્ફે જયંતભાઈ પટેલ નાઓ સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ છે. જેથી તેમના સગા સંબંધીઓની તપાસ કરતાં તેમના બેન ભારતીબેન વા/ઓ ધર્મેન્દભાઈ

પરષોત્તમભાઈ પટેલ નાઓની તેઓ રુબરુ ફરીયાદ લીધેલી. ઉપરોકત નંબરથી ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી ચાલુ કરેલી. તપાસ દરમ્યાન મરણજનારનું ઈન્કવેસ્ટ પં ચનામુ તથા ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી નજરે જોનાર સાહેદોના નિવેદન લીધેલા અને આ કામે ગુનાવાળી જગ્યા તેમજ પંચનામા દરમ્યાન કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ. અર્થે મોકલેલ. આ કામે આ ગુનાના આરોપીઓની તા.૨૮/૦૬/૨૦૨૪ ના કલાક ૧૨:૦૦ વાગ્યે અટક કરી નામ.કોર્ટમાં મોકલી આપેલ. આ કામે તપાસ દરમ્યાન આરોપીને અટક કરી ગુનાના કામે વપરાયેલ હથિયારો કબજે કરવામાં આવેલા. આ કામે આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોય મરણજનારની પી.એમ.નોટ મેળવી આરોપી વિરુધ્ધ તા.૧ ૬/૦૯/૨૦૨૪ ના રોજ ચાર્જશીટ કરેલુ. તમામ આરોપીઓ કોર્ટમાં હાજર છે તેઓને તેઓ ઓળખે છે. મુદ્દામાલ હથિયાર તથા પંચનામાની વિગતે કબજે કરેલા કપડા બતાવતા ઓળખી બતાવે છે. વધુમાં, તેઓને નિશાની ૫/૨ આ ગુનાની એફ.આઈ.આર., નિશાની ૫/૩, નિશાની ૫/૪, નિશાની ૫/૫ ટેલીફોન વર્ધીઓ બતાવવામાં આવે છે. જે તેઓએ પોલીસ પેપર્સમાં સામેલ રાખેલ તે જ છે. જે આ કામે આંક-૫૧, ૫૨, ૫૩, ૫૪ થી આ કામે રજુ કરવામાં આવેલ છે. તેમને આંક-૧૬,૧૮,૩૧, ૩૫ ના પંચનામા બતાવવામાં આવે છે તથા આંક-૪૩ ની ફરીયાદ બતાવવામાં આવે છે. જે દરેકમાં રૂબરૂપણામાં તેમની સહી બતાવતા ઓળખે છે. તેમને નિશાની ૫/૯ એફ.એસ.એલ.સ્થળ પરીક્ષણ અહેવાલ, નિશાની ૫/૧૨ મુદ્દામાલ રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર, નિશાની ૫/૧૩ એફ.એસ.એલ.ને મળેલ મુદ્દામાલની પહોંચ, નિશાની ૫/૧૪ બી.એન.એસ.એસ. ૧૮૩ મુજબનું નિવેદન લીધેલ તેમાં તેમની સહી બતાવતા ઓળખે છે. જે તમામ દસ્તાવેજો બતાવવામાં આવે છે તે તપાસના કામે સાથે રાખેલ છે. જે આ કામે આંક-૫૫, ૫૬,૫૭,૫૮ થી રજુ કરવામાં આવેલ છે. તેમને નિશાની ૫/૧૫ ગુનાવાળી જગ્યાનો નકશો , નિશાની ૫/૧૬ એફ.એસ.એલ.ફોરવર્ડીંગ લેટર, નિશાની ૫/૧૭ એફ.એસ.એલ.બાયોલોજી તથા સીરોલોજી અહેવાલ તથા નિશાની ૫/૧૮ ઈજા પામનારનું સારવાર સર્ટી લેવા કરેલ યાદી બતાવવામાં આવે છે તેમાં તેમની સહી બતાવતા ઓળખે છે. જે તમામ આ કામે આં

ક–૫૯,૬૦, ૬૧, ૬૨ થી રજુ કરવામાં આવેલ છે. વધુમાં, તેઓએ સાહેદ બેચરભાઈ શંકરભાઈ પંચાલનું તા.૨૮/૦૬/૨૦૨૪ ના રોજ નિવેદન લીધેલુ. તેમના રુબરુ તેઓએ લખાવેલ કે, '' તા.૨૮/૦૬/૨૦૨૪ ના રોજ હું મારા ઘરે સુતો હતો ત્યારે ઘરની બહાર અચાનક બુમાબુમનો અવાજ થતાં હું ઘરની બહાર ગયેલો. મારી પડોશમાં રહેતા જગદીશભાઈ ઉર્ફે જીગર જયંતિભાઈ પટેલ નાઓ જમીન ઉપર પડેલા હતા અને તેના માથામાંથી લોહી નીકળતુ હતુ અને રાજેશ બચુભાઈ પટેલ ખાટલામાં પડેલા હતા તેને પણ માથામાંથી લોહી નીકળતુ હતુ. થોડાક સમયબાદ એમ્બ્યુલન્સ આવેલ અને બંને જણાને હોસ્પિટલ લઈ ગયેલા. બનાવના બીજા દિવસે મે જાણેલ કે આ જગદીશભાઈને કમલેશભાઈ તથા વિનેકભાઈ ધ્વારા માર મારવાથી ઈજા થયેલી હતી અને જગદીશભાઈનું મરણ થવા પામેલુ હતુ.'' વધુમાં તેઓએ સાહેદ ઉષાબેન રાકેશકુમાર પટેલનું તા.૨૭/૦૬/૨૦૨૪ ના રોજ નિવેદન લીધેલુ. તેમના રુબરુ તેઓએ લખાવેલ કે, '' તા.૨૬/૦૬/૨૦૨૪ આશરે પોણા ૧૨ વાગે રાત્રે હું મારા ઘરમાં સુતી હતી ત્યારે મારા કુટુંબીભાઈ રાજેશ બચુભાઈના દીકરા વિનેક રાજેશભાઈ પટેલનો મારા ફોનમાં ફોન આવેલ કે અને મને જણાવેલ કે તારા ભાઈ જગદીશ ઉર્ફે જીગરને પતાવી નાખ્યો છે. તેને ફોનમાં મને વધુમાં જણાવેલ કે તે ઘણા સમયથી અમને હેરાન કરતો હતોઅને અમારા મકાનની આગળ અમારી જગ્યાએ ખાટલો નાખી સુતો હતો અને દારૂ પીને અવાર નવાર અમારી સાથે ઝઘડો કરતો હતો. મારા ભાઈ કમલેશ તથા મારા પિતા રાજેશભાઈએ સાથે મળી તેને મારી નાખેલ છે. જેથી મે વિનેકને ફોનમાં પુછેલ કે તે જગદીશને શેના વડે મારેલ છે. ત્યારબાદ વિનેકે મને જણાવેલ કે રાત્રીના સમયે મારા પિતા અમારા મકાનની બહાર ખાટલામાં સુતા હતા તે સમયે તમારો ભાઈ જગદીશ હાથમાં તલવાર લઈ મારા પિતા પાસે આવેલો અને મારા પિતાને તે ગાળો બોલતો હતો અને તેના હાથમાની તલવાર મારા પિતાને માથામાં મારેલી. જેથી મારા પિતાએ બુમાબુમ કરેલી અને હું તથા કમલેશ આવી ગયેલા. મારા પિતાએ તેમના હાથમાના ધોકા વડે જગદીશને માથાના ભાગે મારેલ અને કમલેશે ધોકા વડે તેને શરીરે માર મારેલ. જેથી જગદીશ નીચે પડી ગયેલ. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલ અને ૧૦૮ આવી જતાં મારા પિતા તથા તમારા ભાઈ

જગદીશને હોસ્પિટલે લઈ ગયેલ તેવી વાત મને ફોન ઉપર વિનેક પટેલે કરેલી. ત્યારબાદ તા.૨૭/૦૬/૨૦૨૪ના સવારના ૬:૩૦ વાગ્યાના સુમારે મારા ફોનમાં મારા ભાઈ જગદીશનો ફોન આવેલ અને મને જણાવેલ કે હુ સીવીલ હોસ્પિટલમાંથી ડોકટર બોલુ છુ અને તમારા ભાઈ જગદીશનું સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ છે અને અત્રેની હોસ્પિટલ ખાતે તેઓની લાશ પડેલ છે. મારા કુટુંબી ભાઈ તથા તેના પિતાએ મારા ભાઈ જગદીશનું મૃત્યુ નિપજાવેલ છે. '' તેમને આંક-૪૭ વાળી પી.એમ.નોટ બતાવવામાં આવે છે. જે તપાસના કામે તેઓએ પોલીસ પેપર્સ સાથે સામેલ રાખેલ તે જ છે.

સદરહુ ત.ક.અ. સાહેદની બચાવ પક્ષ તરફે ઊલટ તપાસ કરવામાં આવતા તેઓએ સ્વિકાર કરેલ છે કે, તા.૨૭/૦૬/૨૦૨૪ના રોજ દેત્રોજ સરકારી દવાખાને વર્ધીના આધારે તેઓએ તપાસ કરતાં જયાં મરણજનાર જગદીશભાઈ ઉર્ફે જીજ્ઞેશ કે તેઓના કોઈ સગા સંબંધીએ બનાવ બાબતની કોઈ હીસ્ટ્રી ડોકટર રૂબરૂ જણાવેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે દેત્રોજ સરકારી હોસ્પિટલના ડોકટરે તેમને જણાવેલ નથી. આ કામના ફરીયાદી ભારતીબેન કહેવાતા બનાવ સમયે હાજર ન હતા તેઓ દેત્રોજ મુકામે હોય મુળ ફરીયાદીએ કોઈ બનાવ નજરે જોયેલ નથી. આ કામના સાહેદ ઉષાબેન પણ બનાવ નજરે જોનાર સાહેદ નથી અને બનાવવાળી જગ્યાએ બનાવ પર હાજર ન હતા. મરણજનારને ૧૦૮માં દવાખાને લઈ જતાં જે ઈસમો તેને ૧૦૮માં મુકેલ તેના લોહીના ડાઘા કપડા પર લાગી શકે. બનાવવાળી જગ્યાએ લાકડા પડેલા હતા. બનાવવાળી જગ્યાએ લાકડા પડયા હોય તો લોહીના ડાઘા તેના પર લાગી શકે. તેમની તપાસમાં બનાવ નજરે જોયેલ હોય તેવા કોઈ સાહેદનું નામ ખુલેલ નથી.

**<u>સાહેદના પુરાવાનું વિશ્લેષણ:</u>**

તપાસ કરનાર અધિકારીની જુબાની ધ્યાને લેતાં, તેઓએ આ કામે ફરીયાદ, પંચનામાઓ કરી, સાહેદોના નિવેદનો લીધેલા. પુરતો પુરાવો પડતા ચાર્જશીટ કરેલ છે. આ કામના તપાસ કરનાર અધિકારીની સમગ્ર જુબાની જોતાં તેઓ સમગ્ર તપાસની હકીકતોને સમર્થન આપે છે અને તેઓએ તેમની તપાસ દરમ્યાન કરેલ કામગીરી

બાબતે પુરાવો આપેલ છે. વધુમાં બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં, તા.૨૭/૦૬/૨૦૨૪ના રોજ દેત્રોજ સરકારી દવાખાને વર્ધીના આધારે તેઓએ તપાસ કરતાં જયાં મરણજનાર જગદીશભાઈ ઉર્ફે જીજ્ઞેશ કે તેઓના કોઈ સગા સંબંધીએ બનાવ બાબતની કોઈ હીસ્ટ્રી ડોકટર રૂબરૂ જણાવેલ નથી. બનાવ બાબતે દેત્રોજ સરકારી હોસ્પિટલના ડોકટરે તેમને જણાવેલ નથી. આ કામના ફરીયાદી ભારતીબેન કહેવાતા બનાવ સમયે હાજર ન હતા તેઓ દેત્રોજ મુકામે હોય મુળ ફરીયાદીએ કોઈ બનાવ નજરે જોયેલ નથી. આ કામના સાહેદ ઉષાબેન પણ બનાવ નજરે જોનાર સાહેદ નથી અને બનાવવાળી જગ્યાએ બનાવ પર હાજર ન હતા. મરણજનારને ૧૦૮માં દવાખાને લઈ જતાં જે ઈસમો તેને ૧૦૮માં મુકેલ તેના લોહીના ડાઘા કપડા પર લાગી શકે. બનાવવાળી જગ્યાએ લાકડા પડેલા હતા. બનાવવાળી જગ્યાએ લાકડા પડયા હોય તો લોહીના ડાઘા તેના પર લાગી શકે. તેમની તપાસમાં બનાવ નજરે જોયેલ હોય તેવા કોઈ સાહેદનું નામ ખુલેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે તેમજ જયારે ફરીયાદી તથા અન્ય સાહેદોની જુબાનીથી ફરીયાદ હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી ત્યારે હાલના ત.ક.અ.ની જુબાનીના આધારે ફરીયાદપક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર થયેલા માની શકાય નહી. જયારે ઉપરોકત ચર્ચા મુજબ બનાવ બાબતે શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે તેનો લાભ આરોપીઓને મળવાપાત્ર થાય છે તે ધ્યાને લેતાં હાલના સાહેદની જુબાની માત્ર તેઓએ કરેલ ફરજના ભાગરૂપે કરેલ તપાસ મુજબની હોય ત્યારે તેના આધારે આરોપીઓને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી તેમ હું માનુ છુ.

(૨૩) આ કામે રજુ થયેલ ઉપર મુજબનો મૌખિક, દસ્તાવેજી પુરાવો લક્ષ્યમાં લેતાં, આ કામે ફરિયાદીએ આઈ. ઓ. સમક્ષ જે હકીકત જણાવેલ છે તે હકીકતથી તદ્દન વિપરીત હકીકત પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં ફરીયાદીએ જણાવેલ છે તેમજ ફરીયાદીએ તેઓની બચાવપક્ષની ઉલટતપાસમાં, અમદાવાદ દવાખાનાથી તેમના પતિ દેત્રોજ આવ્યા બાદ તેઓ તથા બીજા સગાવ્હાલા અને તેમના પતિ દેત્રોજ પો.સ્ટે. ગયેલા. દવાખાનેથી તેમના પતિ આવ્યા બાદ તેઓ પો.સ્ટે. ગયા ત્યારે તેમને માહીતી ન હતી કે મરણજનાર તેમના ભાઈને કઈ રીતે ઈજા થઈ છે. તેઓ પો.સ્ટે. ગયા ત્યારે ફરીયાદમાં

માત્ર તેમનું નામ, સરનામુ લખાવેલુ બીજી કોઈ હકીકત તેઓએ લખાવેલી નહી. બનાવમાં ઈજા તેમના ભાઈને કઈ રીતે થયેલ તે તેમને જાણવા મળેલુ નહી. આરોપીઓએ તેમના ભાઈને કોઈ ઈજા પહોંચાડેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. તેમજ સદર કામે તપાસવામાં આવેલ અન્ય સાહેદોએ બનાવ નજરે જોયેલ ન હોય, તેઓને ફરીયાદપક્ષ ધ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. જયારે આ કામે તપાસેલ પંચ સાહેદોએ તેઓની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસની હકીકતો બાબતે જે સમર્થન આપેલ છે તે સાથે હાલના કામે જયારે મૂળ ફરીયાદી તેમજ અન્ય અગત્યના સાહેદોની રેકર્ડ પરની જુબાની જોતાં ફરીયાદની હકીકત માટે જ તથા હાલના ગુનાના કામના બનાવમાં આરોપીઓની સંડોવણી અંગે જયારે શંકા ઉપસ્થિત થાય છે ત્યારે પંચનામાઓના આધારે તેમજ પંચોની જુબાનીઓના આધારે હાલના કામના આરોપીઓ સામે કેસ પુરવાર થયેલો માની શકાય નહી. જયારે મુખ્ય પુરાવો જ ફરીયાદની હકીકત અને બનાવને સમર્થન આપતો નથી ત્યારે અન્ય પુરાવો ગૌણ બની જાય છે અને તેના આધારે આરોપીઓને હાલના કામમાં કસુરવાર ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત તમામ સાહેદોની પુરાવાની ચર્ચા ધ્યાને લેતાં જયારે ખુદ ફરીયાદીના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારી કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય અને બનાવ બનેલ હોવા અંગે શંકા ઉપસ્થિત થતી હોય જેનો લાભ આરોપીઓને મળવાપાત્ર હોય, સદર ગુનાના કામે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં તેમ હું માનું છું.

**(૨૪)** આ કામના આરોપીઓ સામે ઈ.પી.કોડ કલમ–૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ ની જોગવાઈ અન્વયે ગુન્હો નોંધાયેલા છે. આ કામે સાહેદોની ઉપર ચર્ચા કર્યા મુજબની જુબાનીઓ ધ્યાને લેતા, તા.૨૬/૦૬/૨૦૨૪ ના રાત્રિના કલાક ૨૩:૩૦ થી ૨૪:૦૦ વાગ્યા દરમ્યાન મોજે કાંજ ગામ ભોજાણીવાસ ખાતે આ કામના ફરીયાદીના ભાઈ જગદીશભાઈ ઉર્ફે જીગર જયંતીભાઈ પટેલ, રહે. કાંજ ગામ ભોજાણીવાસ તા.દેત્રોજ જી.અમદાવાદ નાઓને આ કામના આરોપીઓએ અગાઉ અવર નવાર થતાં ઝઘડાનું મનદુખ રાખી આ જગદીશભાઈ ઉર્ફે જીગર જયંતીભાઈ પટેલ નાઓને લાકડી તથા ધોકાથી માથાના ભાગે તમેજ શરીરના ભાગે માર મારી ગંભીર

જીવલેણ ઈજાઓ પહોંચાડી મૃત્યુ નિપજાવી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી મહે.અધિક જીલ્લા મેજી.સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલાનું જણાવતા ન હોય ત્યારે આરોપીઓએ આ કામે કોઈ ગુન્હો કરેલ હોય તેવું નિ:શંકપણે પ્રસ્થાપિત થતું નથી.

**(૨૫)** જેથી આ કામે આરોપીઓએ ફરિયાદીના મરણ જનાર ભાઈને પ્રાણઘાતક હથિયાર લાકડી તથા ધોકો ધારણ કરી, ફરિયાદીના મરણ જનાર ભાઈને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી, ફરિયાદીના ભાઈનું મોત નિપજાવી, એકબીજાની મદદગારીમાં ગુન્હો કરેલ તે મુજબનો પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી. તે મુજબ ફરિયાદ પક્ષ ધ્વારા આરોપીઓએ ઈ.પી.કો.ની કલમ– ૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો કોઈ પુરાવો રજૂ કરવામાં નિષ્ફળ રહેલ છે.

**(૨૬)** આમ, ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષ ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબની આરોપીઓ વિરુદ્ધ ઈ.પી.કો.કલમ–૩૦૨, ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ અન્વયેનો ગુનો નિ:શંકપણે અને સક્ષમ, સબળ પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલ ન હોય આરોપીઓને ગુના સાથે સાંકળતો પુરાવો રજૂ થયેલો નથી. તેમજ આરોપીઓ સામેના ગુનાની કલમોના આવશ્યક તત્વો પણ પુરાવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય જેનો લાભ આરોપીઓને મળવાપાત્ર થાય છે. વધુમાં, જે પુરાવો રજૂ થયેલો છે તેનાથી ફરિયાદની હકીકતે શંકા ઉપસ્થિત થાય છે. જે સંજોગોમાં ઉપરોક્ત કરેલ ચર્ચાના આધારે મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ :–</u>**

**(૨૭)** ઉપરોક્ત તમામ હકીકતો લક્ષ્યમાં લેતાં ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધનો કેસ સાબિત કરવામાં સંપૂર્ણ રીતે નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપેલ હોય અને મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવું છું.

**– : : આખરી હુકમ : : –**

(૧) આ કામના આરોપી **(૧) રાજેશભાઈ બચુભાઈ પટેલ (૨) કમલેશભાઈ સ/ઓ રાજેશભાઈ બચુભાઈ પટેલ, (૩) વિનેકભાઈ સ/ઓ રાજેશભાઈ બચુભાઈ પટેલ**

**સેશન્સ કેસ નં.૭૪/૨૦૨૪**

નાઓએ ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ઈ.પી.કો.ની કલમ–૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** દરેક આરોપીઓએ ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવો.

હુકમ આજ **તા.૧૫મી, માંહે–એપ્રિલ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૫/૦૪/૨૦૨૬
વિરમગામ.

**( એચ.એ.ઉપાધ્યાય )**
છઠ્ઠાં એડિ. ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ,
તા.વિરમગામ, જિ.અમદાવાદ.
UID NO. GJ.00635

prchavda,
P.A.